મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# ચૂંટણીની જાહેરાત પહેલા સરકારે હોમગાર્ડ અને GRD જવાનનો પગાર વધારો કરતા જવાનો દ્વારા લુણાવાડા ખાતે ફટાકડા ફોડવામાં આવ્યા

લુણાવાડા,

ગુજરાત ચૂંટણીની તારીખ જાહેર થાય તે પહેલા રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ નવો પગાર વધારો જાહેર કર્યો છે. હોમગાર્ડ અને GRD જવાનના દૈનિક ભથ્થામાં વધારો કરાયો છે. હવે હોમગાર્ડના જવાનને પ્રતિદિન ૩૦૦ રૂપિયાના બદલે ૪૫૦ રૂપિયા મળશે. જેથી ૧૫૦ રૂપિયાનો વધારો આપવામાં આવ્યો છે. આ સાથે GRD જવાનને પ્રતિદિન ૨૦૦ રૂપિયાના બદલે ૩૦૦ રૂપિયા આપવામાં આવશે. ૧ નવેમ્બર ૨૦૨૨થી હોમગાર્ડ અને GRDના


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

જવાનોનો પગાર વધારો લાગુ પડશે. આ અંગેની જાહેરાત કરતા રાજયગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, જીઆરડી અને હોમગાર્ડના જવાનો માટે આજનો દિવસ દિવાળી જેવો બન્યો છે. હોમગાર્ડનાં સભ્યને પ્રતિદિન ૩૦૦નાં બદલે ૪૫૦ રૂપિયા મળશે. જીઆરડીનાં સભ્યાને હાલનાં પ્રતિદિન ૨૦૦ને બદલે ૩૦૦ રૂપિયા મળશે. માનદ્દ વેતન સુધારાની અમલવારી ૧-૧૧-૨૦૨૨થી ગણવામાં આવશે. તેવું જણાવતા મહીસાગર જિલ્લાના ૧૪૩૬ હોમગાર્ડ અને ૮૦૦ થી પણ વધુ GRD જવાનોમાં ખુશીનો માહોલ જોવા મળતા લુણાવાડા ખાતે ફટાકડા ફોડી ખુશી મનાવાઈ હતી. જ્યારે વગર આંદોલને પગાર વધારો કરતા જિલ્લા હોમગાર્ડ કમાન્ડર ભૂમિરાજસિંહ સોલંકીએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મહિસાગર જિલ્લાના ચાર તાલુકાના તળાવો ભરવાની મંજુરી મળી

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના વિરપુર, બાલાસિનોર, લુણાવાડા અને અરવલ્લીના બાયડ તાલુકાના નાની સિંચાઈના તળાવો ભરવા તેમજ ચેકડેમો દ્વારા ૫ હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે તેમ છે. તેમજ ૩૦ ગામોના સમસ્યાનો અંત આવે તેમ છે. જે માટે સ્થાનિકો દ્વારા કરવામાં આવતી માંગને ધ્યાનમાં લઈ સરકાર દ્વારા રૂ.૨૨૫.૬૯ કરોડથી ૪ તાલુકાના તળાવોને જોડવાની યોજનાની સૈદ્ધાંતિક મંજુરી આપી દેવાઈ છે. આ બાબતે છેલ્લા ૧૫ વર્ષથી ત્રણેય તાલુકાના સ્થાનિકો દ્વારા સરકાર તેમજ ઉચ્ચ કક્ષાએ લેખિત તેમજ મૌખિક રજુઆતો કરતા સ્થાનિક નેતાઓ દ્વારા વારંવાર રજુઆતો કરતા આ વિસ્તારના તાલુકાની મધ્યમાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાંથી નીકળતી સુચિત લુપ કેનાલ દ્વારા સૈદ્ધાંતિક મંજુરી આપી હોવા છતાં કોઈ કારણોસર કામગીરી હાથ ધરાઈ ન હતી.જે બાબતે સ્થાનિકો દ્વારા ચુંટણી બહિષ્કાર અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારતો અહેવાલ પ્રસિદ્ધ થતાં જે અનુસંધાને સરકારે રૂ.૨૨૫.૬૯ કરોડની યોજનાની સૈદ્ધાંતિક મંજુરી આપતા મહિસાગરના વિરપુર, બાલાસિનોર, લુણાવાડા અને અરવલ્લીના બાયડ મળી કુલ ૪ તાલુકાના ગ્રામ્યમાં સિંચાઈ તેમજ પીવાના પાણીની મુશ્કેલી દુર થશે અને પાણીના તળ ઉંચા આવવાની આશા સાથે ખેડુતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**મોરબી પુલની ઘટનાને લઈ જે ધરપકડ થઈ હતી. જેમાં દાહોદ જિલ્લાના ત્રણ આદિવાસી મજૂરોની ધરપકડનાં ભાગરૂપે મહીસાગર જિલ્લા કોંગ્રેસ ST સેલ દ્વારા વિરોધ અને સંતરામપુર મામલતદારને આવેદન પત્ર આપ્યું. આ આખી ઘટનામાં મોટા માથાની જગ્યા પર નાના કામદાર આદિવાસી સમાજના લોકોને FIR માં નામ આવ્યા અને એમની ધરપકડ કરવામાં આવી. જેનો સોશિયલ મીડિયા તેમજ સ્થાનિક આદિવાસી સમાજનો સખત વિરોધ જોવા મળે છે.**

## ચૂંટણી પહેલા ગુજરાત સરકારનો માસ્ટર સ્ટ્રોક!

# હોમગાર્ડના જવાનોને ૩૦૦ના બદલે પ્રતિદિન રૂપિયા ૪૫૦ વેતન આપવામાં આવશે

ગાંધીનગર,

વિધાનસભાની ચૂંટણી જાહેર થવાની છે, તેના પહેલા ગુજરાત સરકારે માસ્ટર સ્ટોક માર્યો છે. ચૂંટણીની જાહેરાત અગાઉ ગુજરાત સરકારે હોમગાર્ડ અને GRD જવાનના દૈનિક ભથ્થામાં વધારો કર્યો છે. હોમગાર્ડ અને જીઆરડીના જવાનો માટે ગુજરાત સરકારની મોટી જાહેરાત કરતા હવેથી હોમગાર્ડના જવાનોને ૩૦૦ના બદલે પ્રતિદિન મળશે રૂ. ૪૫૦ વેતન અને જીઆરડી જવાનોને ૨૦૦ ના બદલે પ્રતિદિન ૩૦૦ રૂ. વેતન મળશે. ૧ નવેમ્બર ૨૦૨૨થી આ વધારો ગણાશે. હોમગાર્ડ અને જીઆરડીના જવાનોના પગાર વધારાથી સરકારી તિજોરી પર ૧૯૫ કરોડ રૂપિયાનો બોજો પડશે.

ગાંધીનગર ખાતે ગૃહ રાજયમંત્રીની ઉપસ્થિતિમાં હોમ ગાર્ડનો સેવા સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મોટી જાહેરાત કરી હતી. જેમાં હોમ ગાર્ડ અને GRD જવાનોના ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. હવેથી હોમ ગાર્ડનાં સભ્યને પ્રતિદિન ૩૦૦ રૂપિયાને બદલે ૪૫૦ રૂપિયા ચૂકવવામાં આવશે. જ્યારે GRD જવાનોને ૨૦૦ રૂપિયાને બદલે ૩૦૦ રૂપિયા પ્રતિદિન મળશે. ૧૫૦ અને ૧૦૦ રૂપિયાની ટકાવારીની ગણતરી કરીએ એટલે દર વર્ષે ૧૯૫ કરોડનો વધારો કર્યો છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ૧ નવેમ્બર ૨૦૨૨ થી માનદ વેતનમાં કરાયેલો સુધારો લાગુ પડશે. હોમ ગાર્ડ અને ર્ઈઠ માટે વધારાનો ખર્ચ કરવાનો તાત્કાલિક નિર્ણય એટલે લીધો કેમકે તમે ગુજરાતની સેવામાં કોઈ કસર છોડી નથી. છેલ્લા ૧ વર્ષમાં સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકારે ૫,૨૯૨ પુરુષ અને ૩૬૧ મહિલા સહિત હોમગાર્ડ ૫,૬૫૩ માનદ હોમગાર્ડ સભ્યો નિમાયા છે.


તેમણે ઉમેર્યુ હતું કે, આજે કુલ ફોર્સ ૪૦ હજારની છે, છેલ્લા એક વર્ષમાં ૧૪,૧૦૭ માનદ સભ્યોની નિમણુંક કરાઈ છે. સરકારે આ વર્ષે અંદાજે ૭૫૦ કરોડ રૂપિયાનો પોલીસના અલગ અલગ સંવર્ગના કર્મચારીઓ માટે વધારો કર્યો છે. મીડિયામાં ફ્લેશ આવતી હતી કે બપોરે ચૂંટણી જાહેર થશે, પંચે પ્રેસ બોલાવી છે. સવા વર્ષ તમારી સાથે સરકારમાં રહીને કામ કરવાની તક મળી, તમે સૌએ ડ્રગ્સ, દુષ્કર્મ સહિતના અનેક કિસ્સાઓમાં સારી કામગીરી કરી છે. ઉલ્લેખનીય છે કે, રાજયની વિધાનસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થાય તે પહેલા ગુજરાત સરકારે મોટો નિર્ણય લીધો હતો.

# પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજ્યની જનતાને કોંગ્રેસને મતદાન કરવા માટે આહવાન કર્યુ

ગાંધીનગર,

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજ્યની જનતાને કોંગ્રેસને મતદાન કરવા માટે આહવાન કર્યુ છે. ભાજપને સત્તામાથી દુર કરવા માટે કોંગ્રેસને મતદાન કરવું જોઇએ તેમ તેમણે જણાવ્યુ હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલાનો જૂકાવ કોંગ્રેસ તરફી જોવા મળી રહ્યો છે. આ પહેલા શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલા કોગ્રેસમાં જોડાઇ ગયા હતા.

શંકરસિંહ વાઘેલા પ્રધાનંત્રી નરેન્દ્ર મોદીએ મોરબી દુર્ઘટનામાં મોડેથી મુલાકાત લેતા તેને લઈને અનેક સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રીને જો દુઃખ હતુ તો ટોપી કેમ પહેરી રાખી તેમની વેશભૂષામાં કેમ કોઇ પરિવર્તન ના આવ્યુ. ગળામાથી મગરના આસુ સાર્યા હતા. લોકોના લાગણી જીતવા પ્રયાસ કર્યો હતો.



પ્રજાના ખર્ચે વાહ વાહી કરે છે.

શંકરસિંહે પ્રધાનમંત્રીના મોરબી હોસ્પિટલમાં લીધેલી મુલાકાત પહેલા જે રંગરોગાન કર્યુ હતુ તેના પર જણાવ્યું હતુ કે, તમે કોઇના રિસેપ્શનમાં જઇ રહ્યા છો તે રંગરોગાન કરવામાં આવ્યું. પાણીમાં પડવાથી ફેક્ચર ના થાય તેમ છતા દર્દીના પગલમાં ફેક્ચરનો પાટો લાગવામાં આવ્યો. પશ્ચિમ બંગાળમાં જે પુલ પડ્યો ત્યારે ત્યાના મુખ્યમંત્રીને ઉતારી પાડવા માટે એક્ટ ઓફ ગોડનું ભાષણ આપ્યું હતુ. તો તમારા મુખ્યમંત્રી સામે કેમ તે લાગુ ના પડે તેવા સવાલ તમણે ઉઠાવ્યા હતા. લોકો ડૂબીના મર્યા છે. તેમને સળીયા વાગ્યા છે. લોકોના ઘા પર મીઠુ ભભરાવાનું કામ પ્રધાનમંત્રીએ કર્યુ હોવાનો આક્ષેપ કર્યો હતો. પ્રજાના કરોડો રૂપિયાના ખર્ચે દિલ્હીથી અપ અન્ડ ડાઉન્ કરવામાં આવે છે . તેમને ખબર છે કે, આ વખતે મેળ નથી પડવાનો. લોકોને બસ અને ટ્રેનમાં પણ નથી પોસાતુ વડાપ્રધાનની એક મર્યાદા હોય છે. પ્રધાનમંત્રી પદને નચલા સ્તરનું પદ બનાવી દિધુ છે.

ગુજરાત સરકારના ઉશારે ઓરેવા કંપનીના માલિકોને પોલીસ બચાવી રહ્યા હોવાનો આક્ષેપ પણ તેમના દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતુ કે, દિવા જેવું સ્પષ્ટ છે કે, પોલીસ નાના માણસોને પકડી રહી છે. જે લોકોએ રીબિન કાપીને લોકોને મરવા માટે આમત્રણ આપ્યુ તેને નથી પકડી રહી કોના ઈશારે પોલીસ કામ કરી રહી છે નગરપાલિકાએ જેને કોંટ્રેક્ટ આપયો તેના પર કેસ કરવો જોઇએ.

શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતુ કે, ભાજપના લોકોએ ફ્રોડ કર્યુ છે. તેના લીધે લોકો મર્યા છે દિવસના ત્રણ કાર્યક્રમ કરે છે હેલિકોપ્ટરથી મોરબી જઈ શકાતુ હતું કેમ ના ગયા. ગુજરાતને દેવાદાર કરી નાખ્યા છે. ૨૫ વર્ષ સુધી કેમ ખાત મુહુર્ત કે લોકાર્પણ કરવાનો સમય ૧૫ દિવસમાં જ મળ્યો છે. કોરોડો રૂપિયાનો જાહેરાતો કરવામાં આવે છે. ગુજરાતની જનતાએ આ પ્રકારના લોકોથી બચવું જોઈએ. આ લોકો આપદાને અવસરમાં બદલાવાનું નાટક ભાજપ કરે છે. જે લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમાના માટે આ અવસર નથી. અવસર તો ભાજપ માટે છે. જેના ઘરમાં પતિ માતા પિતા બાળક મર્યા હોય તેમાના માટે આ આવસર નહી હોવાનું તેમણે જણાવ્યું હતુ.

# છેલ્લા ૩ દાયકામાં યુરોપ ખંડ સૌથી ગરમ બન્યો, ગ્લોબલ વોર્મિંગનો કહેર

નવીદિલ્હી,

ક્લાઈમેટ ચેન્જની અસર વિશ્વભરમાં નજરે પડી રહી છે. સરેરાશ વૈશ્વિક તાપમાન પણ વધી રહ્યું છે. હવે એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગથી યુરોપ સૌથી વધુ પ્રભાવિત થયું છે. વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન દ્વારા બહાર પાડવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે છેલ્લા ત્રણ દાયકામાં યુરોપમાં વિશ્વના અન્ય ભાગો કરતા વધુ ગરમી પડી છે. આ ઝડપ બમણી છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મહાદ્વીપનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે. જેના કારણે તીવ્ર ગરમી, જંગલમાં આગ, પૂર અને અન્ય કુદરતી આફતોની સંખ્યા વધી રહી છે. આ બાબતો ધ સ્ટેટ ઓફ ધ ક્લાઈમેટ ઈન યુરોપના અહેવાલનો ભાગ છે. તે યુરોપિયન યુનિયનની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ સાથે સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે.

ક્લાઈમેટ ચેન્જ પર જાહેર કરાયેલા આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્લોબલ વોર્મિંગના કારણે યુરોપમાં તીવ્ર ગરમી પડશે. જેના કારણે બ્રિટનમાં તીવ્ર ગરમીનું મોજું હતું. આ ભવિષ્યમાં પણ જોઈ શકાશે. ઉપરાંત, આલ્પાઈન ગ્લેશિયર્સનું ગલન ઝડપી થઈ શકે છે. હવામાન પરિવર્તનને કારણે ભૂમધ્ય સમુદ્રનું પાણી પણ ગરમ થઈ રહ્યું છે. નિષ્ણાત અને સેક્રેટરી જનરલ પ્રોફેસર પેટ્રી ટાલાસ કહે છે કે યુરોપ વિશ્વની ગરમીના સંબંધમાં જીવંત ચિત્ર રજૂ કરે છે.

તેમનું કહેવું છે કે આ એ પણ દર્શાવે છે કે સંપૂર્ણ રીતે તૈયાર થયેલો સમાજ પણ ભારે હવામાનની પકડમાંથી બચી શકતો નથી. તમને જણાવી દઈએ કે ૨૦૨૧ની જેમ આ વર્ષે પણ યુરોપના ઘણા ભાગોમાં દુષ્કાળ, તીવ્ર ગરમીનું મોજું અને જંગલમાં આગ લાગવાની ઘણી ઘટનાઓ બની છે. બીજી તરફ ૨૦૨૧માં યુરોપના ઘણા ભાગોમાં પૂર જોવા મળ્યું હતું. આમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયાના સમાચાર હતા.

યુરોપમાં ક્લાઈમેટ ચેન્જના કારણે ગ્લોબલ વોર્મિંગની સૌથી વધુ અસર આલ્પાઈન પર્વતોના હિમનદીઓ પર જોવા મળી રહી છે. ૧૯૯૭ અને ૨૦૨૧ ની વચ્ચે, આ હિમનદીઓની બરફની જાડાઈમાં ૩૦ મીટરનો ઘટાડો થયો છે. ગ્રીનલેન્ડનો બરફ પણ પીગળી રહ્યો છે. જેના કારણે દરિયાની સપાટી પણ વધી રહી છે.

# ચૂંટણી પ્રચાર દરમિયાન ફેક ન્યૂઝ ફેલાવનારા અને શાંતિ ભંગ કરનારા ચેતી જાય

નવીદિલ્હી,

દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે ગુજરાતમાં ચૂંટણીની તારીખોની જાહેરાત કરી હતી. ૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી માટે કેન્દ્રીય ચૂંટણી પંચ વિવિધ જાહેરાતો કરી હતી તેમજ કેટલીક નિયમાવલી જણાવી હતી. તે મુજબ તેઓ સોશિયલ મીડિયા પર ખાસ ધ્યાન આપશે. આધુનિક જમાનામાં હવે પોસ્ટર, રેલીઓ જનસભાઓની સાથે સાથે સોશિયલ મીડિયા ઉપર પણ ભરપૂર માત્રામાં રાજકીય પક્ષો પોતાનો પ્રચાર કરે છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા સોશિયલ મીડિયા પણ માટે વિશેષ ગાઈડ લાઈન નક્કી કરવામાં આવી છે. આધુનિક સમયમાં ચૂંટણી દરમિયાન મોટા પાયે સોશિયલ મીડિયાનો ઉપયોગ થાય છે ત્યારે સોશિયલ મીડિયા પર ચૂંટણીપંચ બાજનજર રાખશે. આ માધ્યમનું મોનિટરિંગ કરવા માટે ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે ગુજરાતના દરેક જિલ્લામાં ચૂંટણી પંચની પોતાની એક ટીમ રાજકીય પક્ષોના સોશ્યિલ મીડિયા પર નજર રાખશે.

ચૂંટણી પંચ, ફેક ન્યૂઝ, અફવા તેમજ શાંતિ ભંગ કરનારા સમાચારો પર ખાસ નજર રાખશે. જો તેમને એવું લાગશે કે સોશિયલ મીડિયા પરનું આ કન્ટેન્ટ વાંધાનજક છે તો તેના માટે ઈન્ડિયન પીનલ કોડની કલમ મુજબ કાયદાકીય પગલાં પણ લેવામાં આવશે. સોશિયલ મીડિયા પર વોચ રાખવા માટે સર્કલ ઓફિસર પાસે પણ પોતાની ટીમ હશે અને કાયદો ભંગ કરનારા સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે. રાજકીય પક્ષોની તમામ ગતિવિધિઓ પર વોચ રાખવાનો તખતો ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરી દેવાયો છે.

હાલના સમયમાં સોશિયલ મીડિયા પર નિયંત્રણ કરવું થોડું મુશ્કેલ છે, ત્યારે ચૂંટણીપંચ દરેક જિલ્લામાં પોતાની ટીમ દ્વારા ફેસબુક, વોટ્સ એપ અને યુ ટયૂબના માધ્યમથી મતદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરવાથી લઈને કોઈ નેતા કે પાર્ટી દ્વારા અપાતી લાંચ કે અન્ય પ્રલોભનોથી દૂર રહેવા જાગ્રત કરશે તેમજ વાંધધા નજક કન્ટેન્ટની નોંધ પણ લેશે. રાજકીય પક્ષો દ્વારા સોશિયલ મીડિયામાં પણ પ્રચાર કરવામાં આવતો હોય છે. પરંતુ, તેના ધારાધોરણો મુજબ જ પ્રચાર કરવાનો હોય છે. જો આચાર સંહિતાનો ભંગ કરવામાં આવશે તો તેની સામે આઈપીસી અને આઈટી એક્ટ મુજબ ગુનો દાખલ કરવામાં આવશે. જો કોઈ વાંધાજનક પોસ્ટ કરવામાં આવી હશે કે ઉશ્કેરણીજનક પોસ્ટ કરવામાં આવી હશે તો તેની સામે પોલીસની કાર્યવાહી પણ કરાશે. નોંધનીય છે કે રાજયમાં આગામી ડિસેમ્બર માસમાં બે તબક્કામાં મતદાન થશે ૧ ડિસેમ્બર અને ૫ ડિસેમ્બરના રોજ રાજ્યમાં મતદાન થશે. તેમજ ૮ ડિસેમ્બરના રોજ મત ગણતરી હાથ ધરવામાં આવશે.

# આપની આજ.......

મેષ : આજે કોઈ અચાનક સારા સમાચાર આવશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો. અધિકારીઓ સાથે સુમેળ વધશે.

વૃષભ : ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે. આધ્યાત્મિકતા અને ધર્મમાં રુચિ વધશે.

મિથુન : આજે ખૂબ સંઘર્ષ કર્યા પછી તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે. આજે દૂરની યાત્રા પણ થઈ શકે છે.

કર્ક : આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો. ઉતાવળમાં મોટા નિર્ણયો ના લેશો.

સિંહ : આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય. સાંજના સમયે કોઈ વિશેષ મહેમાન આવી શકે છે.

કન્યા : આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે. મિત્રોમાં રમૂજ વધશે.

તુલા : આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે. પ્રગતિની આ ગતિ જાળવવી એ તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ, નહીં તો ભવિષ્યમાં પ્રતિષ્ઠાને ફટકો પડશે.

વૃશ્ચિક : તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.

ધનુ : આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો. આજે કોઈને પૈસા ઉધાર ના આપો, તમને તે પાછું મળશે નહીં.

મકર : આજે તમે કારણ વગર ચિંતામાં અને પરેશાન રહેશો. આજે કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે, તેમાંથી કેટલીક તમે તમારા સ્વભાવથી ઊભી કરી હોઈ શકે છે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે ઊભી રહી શકે છે.

કુંભ : આજે તમને કોઈ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ. વ્યાવસાયિક વિકાસથી આત્મવિશ્વાસ વધશે.


મીન : આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી. જો તમે નોકરી-ધંધા વગેરે ક્ષેત્રે સંપૂર્ણ સુધારણા ઈચ્છતા હોવ તો તમારે આળસ અને આરામનો ત્યાગ કરવો પડશે. આજે તમારે તમારા કામમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે.

# ગુજરાત ચૂંટણી : ભાજપ માટે અસ્તિત્વની લડાઈ, કોંગ્રેસ માટે કરો યા મરો, આપ માટે કમાલ કરવાની તક રહેશે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ગઈ છે. ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન થશે. આ વખતે ભાજપ અને કોંગ્રેસ સિવાય આમ આદમી પાર્ટી પણ ચૂંટણીમાં કમાલ કરી રહી છે. કોંગ્રેસ માટે આ ચૂંટણી 'કરો યા મરો' જેવી છે. ગુજરાતમાં કોઈપણ પક્ષ સત્તા પર કબજો કરશે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તે પક્ષ માટે તકો વધી જશે. કોંગ્રેસ પાર્ટીના નવા બિન-ગાંધી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે માટે આ ચૂંટણી લિટમસ ટેસ્ટથી ઓછી નહીં હોય. એવી શક્યતા છે કે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ચૂંટણી પ્રચારથી દૂર રહે. કારણ એ છે કે, સોનિયા ગાંધી તેમની તબિયતના કારણે વ્યસ્ત છે અને રાહુલ ગાંધી ભારત જોડો યાત્રામાં વ્યસ્ત છે.

૨૦૧૭ની ચૂંટણીમાં ૭૭ બેઠકો લઈને જીતની નજીક પહોંચેલી કોંગ્રેસ પાર્ટી આ વખતે 'એન્ટી ઈક્મ્બન્સી ફેક્ટર'નો ફાયદો ઉઠાવી શકશે? ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીમાં કોંગ્રેસ સારો



દેખાવ કરશે તો જ રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા' સફળ ગણાશે તેમ રાજકીય નિષ્ણાતોનું કહેવું છે. ખડગેની સફળતા પણ મોટાભાગે આ બે રાજ્યોની ચૂંટણીઓ પર નિર્ભર છે. કોંગ્રેસ પક્ષે ગુજરાતમાં એ જ યુક્તિ રમી છે જે ચિ. તે ૧૯૭૭માં ચરણ સિંહ અને જનસંઘ દ્વારા ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ગઈ હતી.

તમને જણાવી દઈએ કે ગુજરાતમાં અત્યાર સુધી યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય મુકાબલો કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રહ્યો છે. હવે ત્યાં પહેલીવાર આમ આદમી પાર્ટી ત્રીજા પક્ષ તરીકે સામે આવી છે. પાર્ટીને કેટલું સમર્થન છે, તે તો ચૂંટણી પરિણામો જ કહી શકશે, પરંતુ AAP કન્વીનર અરવિંદ કેજરીવાલને આશા છે કે તેઓ કંઈક મોટું કરી શકશે. ભાજપને લાગે છે કે કેજરીવાલ માટે અહીં મજબૂત રહેવું ફાયદાકારક છે. આ જ કારણ છે કે ઘણી વખત મીડિયામાં AAPને BJPની B ટીમ કહેવામાં આવે છે. પંજાબ અને દિલ્હી આમાં અપવાદ છે. ભાજપના નેતાઓનું કહેવું છે કે ગુજરાત પીએમ મોદીનું પોતાનું હોમ સ્ટેટ છે. તેની અસર ત્યાંની દરેક ચૂંટણીમાં જોવા મળી છે. આરએસએસ અને ભાજપે સાથે મળીને ત્યાં તેમના કેડર વોટ તૈયાર કર્યા છે. AAP વિશે એવું માનવામાં આવે છે કે તેને જેટલા વોટ મળશે, તેનું નુકસાન કોંગ્રેસ પાર્ટીને થશે. AAP, દિલ્હી અને પંજાબમાં આ વાર્તાનું પુનરાવર્તન થયું છે.

અરવિંદ કેજરીવાલ તેમની ચૂંટણી રેલીઓમાં કહે છે કે, આ બે પાર્ટીઓ 'કોંગ્રેસ અને બીજેપી' મિશ્ર છે. તેમના શિકાર ન થાઓ. અમારો સર્વે કહે છે કે આમ આદમી પાર્ટી ગુજરાતમાં જીતની નજીક છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ સોમવારે ભારત જોડો યાત્રામાં કહ્યું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટી માત્ર હવામાં છે, જમીન પર નથી. તેમણે દાવો કર્યો છે કે કોંગ્રેસ પાર્ટી ત્યાં મજબૂત છે. AAP માત્ર જાહેરાતો પાછળ પૈસા ખર્ચી રહી છે. સત્તા વિરુદ્ધ વાતાવરણ છે. તેનો ફાયદો કોંગ્રેસને મળશે. આગામી સરકાર કોંગ્રેસ પાર્ટીની જ બનશે. ગુજરાત ચૂંટણીમાં તેમની જવાબદારી શું હશે તે પ્રશ્નના જવાબમાં રાહુલે કહ્યું હતું કે, આ તમામ બાબતો પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે નક્કી કરશે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૯૯ અને કોંગ્રેસને ૭૭ બેઠકો મળી હતી. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રાજીવ શુક્લાએ કહ્યું છે કે રાહુલની ભારત જોડો યાત્રાની અસર ગુજરાત અને હિમાચલ બંનેમાં છે.

રાજકીય વિશ્લેષક રાશિદ કિદવાઈ કહે છે કે, ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટી આ વખતે અનોખી વ્યૂહરચના લઈને આવી છે. ભાજપ ઈચ્છે છે કે આ ચૂંટણી લોકસભા ચૂંટણીની જેમ મોદી વિરુદ્ધ રાહુલ બની જાય. ભાજપની આ રણનીતિ કોંગ્રેસ નિષ્ફળ ગઈ છે. રાહુલ ગાંધી આ ચૂંટણીમાંથી સંપૂર્ણપણે બહાર થઈ શકે છે. કોંગ્રેસ પાર્ટીએ ખુદ રાજ્ય એકમને મોટી જવાબદારી સોંપી છે. પ્રિયંકા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને અન્ય નેતાઓ પાર્ટી માટે પ્રચાર કરશે. દરેક ચૂંટણીની પોતાની શૈલી હોય છે. કેટલીક જગ્યાએ 'એન્ટી ઈક્મ્બન્સી ફેક્ટર'નો ફાયદો કોંગ્રેસને મળી શકે છે. આ ચૂંટણી વિપક્ષની કસોટી છે. વોટ કટ પાર્ટી, જો કે કોઈ પાર્ટી પોતાના પર આ ડાઘ લગાવવા માંગતી નથી, પરંતુ ચૂંટણીમાં આ સાપ કોઈના ગળામાં નાખવામાં આવે છે. જો કોંગ્રેસ પાર્ટી તેની રણનીતિમાં સફળ થાય છે, ગ્રામ્ય વિસ્તારમાં ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ચરણસિંહ અને જનસંઘે કર્યું. બંનેને ગ્રામ્ય વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવાનો ફાયદો પણ મળ્યો.

રાશિદ કિદવાઈ તરીકે આપ હિમાચલમાં સક્રિય નથી. તેમનું પોતાનું કંઈક રાજકીય મૂલ્યાંકન હોવું જોઈએ. તમે ગુજરાતમાં ખૂબ જ સક્રિય છો. મતની ટકાવારી ઘટી શકે છે. ગુજરાતમાં પચાસ બેઠકો એવી છે જ્યાં ભાજપને હંમેશા મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ગત ચૂંટણીમાં પણ તેમને આદિવાસી વિસ્તારમાં માત્ર ડઝન બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. મોરબીમાં બ્રિજ ધરાશાયી થવાના કારણે લોકોમાં આક્રોશ છે, પરંતુ તે ચૂંટણીમાં ખબર પડશે. યુપીના લખીમપુરમાં હંગામો થયો હતો, પરંતુ મતોની દૃષ્ટિએ તે ભાજપ માટે નુકસાનકારક સાબિત થયો ન હતો.

ગુજરાતમાં ભાજપના આંતરિક સૂત્રોનું માનવું છે કે પાર્ટી ભલે જાહેર મંચ પરથી ૧૫૦ બેઠકો મેળવવાનો લક્ષ?યાંક નક્કી કરી શકે, પરંતુ તે ૧૦૦ બેઠકો સુધી પહોંચવાની તૈયારી કરી રહી છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે બંને માટે આ ચૂંટણી કસોટી સમાન છે. જો અમે જીતીશું તો જ ૨૦૨૪નો રસ્તો મોકળો થશે. જો પરિણામ મન મુજબ નહીં આવે તો પક્ષને દૂરગામી પરિણામોનો ભોગ બનવું પડી શકે છે. રાહુલની યાત્રા પણ દાવ પર લાગી શકે છે.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ગરબાડા વિધાનસભા બેઠક માટે પ્રતિષ્ઠાનો જંગ ખેલાશે

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ ની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ચૂંટણી પંચ દ્વારા ગુજરાતની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી ગઈ છે ત્યારે ગરબાડા વિધાનસભા બેઠક પર આ વખતે ખરાખરી તેમજ ભાજપ કોંગ્રેસ બન્ને માટે પ્રતિષ્ઠાનો જંગ ખેલાશે. જોકે, આ વખતે ત્રીજા મોર્ચા તરીકે આમ આદમી પાર્ટી પણ સારી એવી મહેનત કરી રહી છે. તો બીજી બાજુ બીટીપી પણ આદિવાસી બાહુલ્ય ધરાવતા વિસ્તારોમાં કિસ્મત અજમાવવા કમરકસી છે. સાથે સાથે અન્ય ક્ષેત્રીય પાર્ટીઓ ભલે જીતીના શકે પરંતુ વોટ કાપીને અન્ય કોઈ પાર્ટીને હરાવવા કારણ ભૂત જરૂર બનશે તેવી શક્યતાઓ પણ આ વખતે કહી શકાય તેમ નથી. ગરબાડા બેઠક પર કોંગ્રેસ સતત બે વખત ચૂંટણી જીતી છે. સાથે જ કોંગ્રેસના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયાનું ૧૫ વર્ષથી ધારાસભ્ય છે. આ વખતે ગરબાડા બેઠક પર કોંગ્રેસને જીતની હેટ્રિક કરતાં ભાજપ અને આમ આદમી પાર્ટી રોકવાનો પ્રયાસ કરશે. ગરબાડા બેઠક પર ચંદ્રિકાબેન અહીંથી સતત બે ટર્મથી ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી છે અને બન્ને વખતે અજેય રહ્યા છે. તેમણે ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના મહેન્દ્રભાઈ રમેશભાઈ ભાભોરને હરાવ્યા હતા. ત્યારબાદ ચંદ્રિકાબેને ગત ચૂંટણીમાં ૬૪,૨૮૦ મત મેળવ્યા હતા અને ભાજપના ઉમેદવાર ૪૮,૧૫૨ મતો સાથે બીજા ક્રમે રહ્યા હતા. તે પહેલા વર્ષ ૨૦૧૨માં ચંદ્રિકાબેને ભાજપના મોહિન્દ્રાબેન રાઠોડને હરાવ્યા હતા. ૨૦૧૨ ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ચંદ્રિકાબેનને કુલ ૬૯,૨૯૫ મત મળ્યા હતા. જ્યારે બીજા ક્રમે ભાજપના ઉમેદવારને ૩૩,૫૨૧ મત મળ્યા હતા. ભાજપને બે વખત હારનો સામનો કરવો પડ્યો છે. ચંદ્રિકાબેન ભલે ૨૦૧૭ માં સતત બીજી વખત ચૂંટણી જીત્યા હોય, પરંતુ તેમનો વોટ શેર ઓછો આવ્યો છે. વિધાનસભાના પરિણામની વાત કરીએ તો ૨૦૧૨ માં ૫૭.૫૪ ટકા વોટ મળ્યા હતા. તે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ઘટીને ભાજપને બે વખત હારનો સામનો કરવો પડ્યો. ચંદ્રિકાબેન ભલે ૨૦૧૭ માં સતત બીજી વખત ચૂંટણી જીત્યા હોય, પરંતુ તેમનો વોટ શેર ઓછો આવ્યો છે. માહિતી અનુસાર, જ્યાં તેમને ૨૦૧૨ માં ૫૭.૫૪ ટકા વોટ મળ્યા હતા. તે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ઘટીને ૫૦.૭૫ પર આવી ગયા હતા. તેનાથી વિપરીત ભાજપને અહીં બે વખત હારનો સામનો કરવો પડ્યો હોય, પરંતુ તેની વોટ ટકાવારીમાં વધારો થયો છે. આ તેના માટે રોમાંચકએ છે કે, અહીંયા ભાજપ કોંગ્રેસ સહિત આમ આદમી પાર્ટી વચ્ચે ચૂંટણીનો માહોલ જામશે. ૨૦૧૨ માં ભાજપના ઉમેદવારને ૨૭.૮૩ ટકા વોટ મળ્યા હતા. જ્યારે ૨૦૧૭ માં તે વધીને ૩૮.૦૨ થઈ ગયા હતા. ૧ ગરબાડા વિધાનસભાના સમીકરણની વાત કરીએ તો તે એસ.ટી માટે અનામત બેઠક છે. આ વિધાનસભા ક્ષેત્રમાં કુલ ૨,૩૩,૧૪૦ મતદારો છે. જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૧,૧૫,૮૫૬ અને મહિલા મતદારોની સંખ્યા ૧,૧૭,૨૮૦ છે. જયારે વિધાનસભા મત વિસ્તારમાં ૪ % મતદારો અન્ય કેટેગરીના છે. ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીમાં અહીં બીજા તબક્કામાં મતદાન થયું હતું.

# વિધાનસભાની ચુંટણીમાં બીજેપીમાં ૨૫ ટકા નવા ઉમેદવારોને ટીકીટ ફાળવવા અમિત શાહના સંકેત

દાહોદ,

વિધાનસભા ચૂંટણીમાં વય તેમજ કાર્યકાળનો માપદંડ લાગુ થશે નહીં તેમ ટોચના સૂત્રોએ આ સંકેત આપ્યો છે. આ વખતે જેનો સિક્કો ચાલશે અને પાર્ટી જેના પર વિશ્વાસ મૂકશે તેને વિધાનસભા ચૂંટણીમાં ઉંમર કે કાર્યકાળનો કોઈ માપદંડ રહેશે નહીં ખાસ કરીને ૨૫ ટકા નવા ઉમેદવારને ટિકિટ મળવાની આ વખતે આશા છે. તેમ અમિત શાહે પણ સંકેત આપ્યા છે.

ભાજપના ચાણક્ય ગણાતા ગૃહમંત્રી અમિત શાહ આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને ગુજરાતભરમાં ૨૨ તારીખથી છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતની બેઠકો પર તેમણે કાર્યકર્તાઓ સાથે બેઠકો કરી છે આ સાથે દિવાળીની શુભેચ્છા અને વોર્મઅપ પણ ચૂંટણી પહેલા થઈ રહ્યું છે. અત્યાર સુધી ૧૮૨માંથી ૧૨૦ બેઠકો પર પાયાના સ્તરે ચર્ચા થઈ ચૂકી છે. આ દરમિયાન, સૂત્રોના જણાવ્યા મુજબ અગાઉની કોર્પોરેશનની ચૂંટણીની જેમ આ વિધાનસભા ચૂંટણીમાં વય તેમજ કાર્યકાળનો માપદંડ લાગુ થશે નહીં.

ભાજપમાં એવી લાંબી ચર્ચા ચાલી રહી છે કે ૧૦૦ જેટલા સીટીંગ ધારાસભ્યો કપાશે અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના ઉમેદવારો કપાશે અથવા ત્રણ ટર્મથી પદ પર રહેલા ધારાસભ્યોને ફરી ટિકિટ નહીં મળે. આ તમામ બાબતોથી અલગ અત્યારે ૧૫૦ પ્લસના લક્ષ્યાંક સામે આ વાત પણ સામે આવી રહી છે.

આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં જીત જ એકમાત્ર માપદંડ છે કે, અત્યાર સુધીમાં જે જીત નથી મળી તેવી જીત મેળવવાનો છએ. માધવસિંહ સોલંકીના જીતના લક્ષ્યાંકને પાર પાડવા માટે આ બની શકે છે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના ધારાસભ્ય અને ટિકિટ વાચ્છુકોને સતત આ વખતે આ ડર પણ સતાવી રહ્યો છે. જો કે, તેઓ માટે જ્યાં સુધી લિસ્ટ બહાર ના પડી જાય ત્યાં સુધી આ બાબતે ચિંતા પણ કહી શકાય છે કેમ કે, ૨૫ ટકા નવાને ચાન્સ આપવાના સંકેત પણ ભાજપના કેન્દ્રીય નેતૃત્વ તરફથી મળી રહ્યા છે. વર્તમાન ધારાસભ્યોને નો રિપીટ ન કરવાનો કોઈ નવો સિદ્ધાંત લાગુ થશે કે નહીં તે જો કે સમય જ બતાવશે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**માનવસેવાના કાર્ય કરતી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ દ્વારા સોસાયટીના ચેરમેન ગોપાળભાઈ ધાનકા, ખજાનચી કમલેશભાઈ લીમ્બાચીયા, માનદ્મંત્રી જવાહરભાઈ શાહ, બલ્ડ બેક કન્વીનર એન.કે પરમારની તથા પેટા કમિટીના સભ્યો, સ્ટાફ પરિવાર ની ઉપસ્થિતિમાં મોરબી કેબલ બ્રિજ દુર્ઘટનામાં જે નાગરિકોએ જાન ગુમાવ્યા છે. તેઓના દિવગંત આત્માઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.**

# દાહોદ રેલ્વેમાં કોન્ટ્રાકટ બેજ ઉપર સફાઈ કામદારોના ખાતામાં બારોબાર પગાર ઉપાડી ઓછું વેતન આપતાં ઉચ્ચકક્ષાએ રજુઆત

દાહોદ,

દાહોદમાં રેલ્વેમાં ફરજ બજાવતાં કોન્ટ્રાક્ટર બેઝ પર સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં કેટલાંક કર્મચારીઓને રેલ્વેમાં કોન્ટ્રાક્ટ લેનાર ૩ જેટલા ઈસમોએ સફાઈ કામદારોના બેન્ક ખાતામાંથી બારોબાર પગારના નાણાં ઉપાડી લઈ સફાઈ કામદારોને તેમાંથી ઓછો પગાર આપતાં હોવાના આક્ષેપો સાથે આજરોજ રેલ્વે વિભાગમાં કોન્ટ્રાક્ટ બેઝ પર સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતાં કેટલાંક કર્મચારીઓ દ્વારા આ મામલે જિલ્લા લેબર કમિશ્નર સહિત ઉચ્ચ કક્ષાએ આવેદનપત્ર આપી રજુઆત કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદમાં રેલ્વે વિભાગમાં કોન્ટ્રાક્ટર બેઝ પર સફાઈ કામગીરી કરતાં કેટલાંક કર્મચારીઓ દ્વારા જિલ્લા લેબર કમિશ્નરને આપવામાં આવેલ આવેદનફત્રમાં જણાંવ્યાં અનુસાર, રેલ્વેમાં કોન્ટ્રાક્ટર લેનાર મિતેશભાઈ કડવાભાઈ નૈયા (રહેય સાત બંગલા, પરેલ, દાહોદ), સનાભાઈ વસનાભાઈ કિશોરી (રહે. છાપરી, દાહોદ) અને મગુલભાઈ પઠાણ (રહે. ઠક્કર ફળિયા, દાહોદ) નાઓએ સફાઈ કર્મચારીઓના બેન્ક પાસબુક, બેન્કના એટીએમ વિગેરે પોતાની પાસે રાખી જે સમયે સફાઈ કર્મચારીઓના પગાર બેન્કમાં જમા થાય ત્યારે સફાઈ કામદારોની મંજુરી વગર બેન્કમાંથી ઉપરોક્ત ત્રણેય જણા સફાઈ કામદારોના બેન્ક ખાતામાં તેઓના પગારના નાણાં બારોબાર ઉપાડી લેતાં હોય છે અને તેમાંથી સફાઈ કામદારોને રોકડ પગાર કરી ઓછો પગાર આપી સફાઈ કામદારોનું શોષ કરતાં હોવાના આક્ષેપો દાહોદમાં કોન્ટ્રાક્ટ બેઝ પર સફાઈ કામગીરી કરતાં સફાઈ કામદારો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં છે.

# વિધાનસભાની ચુંટણીની જાહેરાત સાથે દાહોદ જીલ્લા વહીવટી તંત્ર ઈલેકશન મોડમાં આવ્યું

દાહોદ,

ઈલેક્શન કમિશન દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની તારીખો જાહેર થતાની સાથે આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે. ત્યારે ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો પર અગામી બે તબક્કામાં ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૧ લી ડિસેમ્બરના રોજ ૮૯ તેમજ બીજા તબક્કાની ૯૩ બેઠકો પર ૫ મી ડિસેમ્બરના રોજ મતદાન યોજાશે. જેમાં દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ૬ વિધાનસભા બેઠકો પર યોજાશે. ત્યારે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચોક્કસથી વેગવંતી બનશે. ત્યારે બીજેપી દ્વારા તાજેતરમાં ચૂંટણી અંગે નિરીક્ષકો દ્વારા સેન્સ લેવામાં આવ્યા હતા. જેમાં દાહોદ જિલ્લાની ૬ વિધાનસભા બેઠકો પર ૮૪ જેટલાં ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. ત્યારે જિલ્લામાં સૌથી વધુ ગરબાડા બેઠક પરથી ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. ત્યારે બીજેપી હાઈકમાન્ડ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં આગામી ત્રણ દિવસમાં ઉમેદવારોની પસંદગી પર મોહર લાગી જશે. જયારે કોંગ્રેસ દ્વારા ૯૮ ઉમેદવારોના નામો ફાઈનલ કરી દીધા છે. પરંતુ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી ભાજપ દ્વારા પ્રથમ યાદી જાહેર થયાં બાદ કોંગ્રેસ ઉમેદવારોના નામો જાહેર કરાશે. જોકે, આમ આદમી પાર્ટી દ્વારા અત્યાર સુધીમાં ૧૧૦ જેટલાં ઉમેદવારોના નામો જાહેર કરી દીધા છે. સાથે સાથે આમ આદમી પાર્ટી દ્વારા આવતીકાલે મુખ્યમંત્રીનો ચેહરો જાહેર કરશે. ત્યારે આજથી આદર્શ આચાર સંહિતા અમલમાં આવતાની સાથે સમગ્ર ગુજરાત સહીત દાહોદ જિલ્લાનું વહીવટી તંત્ર ઈલેક્શન મોડમાં આવી ગયાં છે. દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી અંગેની તૈયારીઓમાં પૂરજોશથી જોતરાઈ ગયા છે. સાથે સાથે રાજકીય પક્ષો પણ ઉમેદવારોની પસંદગી તેમજ બેઠકો દીઢ સમીકરણો જોતા અલગ રીતે તૈયારીઓમાં લાગી ગયા છે. ત્યારે બીજી તરફ વહીવટી તંત્રે બપોર બાદ રાજકીય પક્ષોના બેનરો તેમજ સિમ્બોલ ઉતારી લેવાની કામગીરી શરૂ કરી દીધી છે. હાલ વિધાનસભાની ચૂંટણીને એક મહિનો બાકી છે. ત્યારે શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

# દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી સંદર્ભે હથિયારોના પરવાનેદારોને હથિયાર જમા કરાવવા આદેશ

દાહોદ,

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બે તબક્કાઓમાં યોજવાનું જાહેર કરાયું છે. ત્યારે દાહોદનાં જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. હર્ષિત ગોસાવીએ ચૂંટણીઓ શાંત, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાઈ એ માટે જિલ્લાના હથિયારોના પરવાનેદારોને આદેશ કર્યો છે. તદ્દનુસાર, પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પાડ્યાની તારીખથી દિવસ ૭ માં જિલ્લાના સંબધિત પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવા તથા સંબધિત પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા હથિયાર પરવાનો ધરાવતા તમામ વ્યક્તિઓ હથિયાર જમા કરાવે તે માટે પગલા લેવા તેમજ અત્રેની કચેરીને જાણ કરવા જણાવાયું છે. તેમજ આ આદેશ જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લાના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટઓ તરફથી આપવામાં આવ્યા હોય તેમજ કોઈ પણ રાજ્યના કોઈ પણ સત્તાધિકારી દ્વારા હથિયાર લાયસન્સ અપાયું હોય તેમને પણ લાગુ પડશે. આ આદેશ દાહોદ જિલ્લાના તેમજ જિલ્લાની મુલાકાતે આવેલા હથિયાર પરવાનેદારોને લાગુ થશે. હથિયાર ખરીદ વેચાણ કરતા પરવાનેદારો હથિયાર ખરીદ વેચાણ આ સમયગાળા દરમિયાન કરશે તો હથિયારની સોંપણી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ના થાય ત્યાં સુધી ધારકને કરી શકશે નહી. સંબધિત પોલીસ સ્ટેશને તા. ૧૫-૧૨-૨૦૨૨ પછી હથિયાર પરત કરવાના રહેશે. કેન્દ્ર સરકારના અધિકારીઓ, કર્મચારીઓ જેઓ કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની પરવાનગી મળી છે તેમજ ચૂંટણી ફરજ ઉપર છે તેમને આ હુકમ લાગુ થશે નહી.

# ગુજરાતમાં ચૂંટણીની તારીખ જાહેર થતાં જ આચાર સંહિતાનો સખતાઈથી અમલ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ચૂંટણી પંચ દ્વારા આજે તારીખ ૩ જી નવેમ્બર ના રોજ ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર કરાતા જ ગુજરાતમાં આચારસંહિતાનો અમલ સખ્તાઈથી લાગુ કરાતા બદલીઓના દોર પર બ્રેક લાગી ગઈ છે. સાથે સાથે છેલ્લા કિટલાય સમયથી ગુજરાત સરકાર દ્વારા રોજેરોજ યોજાતા ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણના કાર્યક્રમ પર પણ બ્રેક લાગી જતા આવા લોકાર્પણ તેમજ ખાતમુર્હતના રોજે રોજ યોજાતા કાર્યક્રમો બંધ થઈ જતા મને કે કમને પણ પોતાની નૈતિકતાપૂર્વક ફરજ બજાવતા પોલીસ કર્મીઓએ હાશકારો અનુભવ્યો છે. ત્યારે બીજી તરફ આચારસંહિતાના અમલના ભાગરૂપે દિપાવલી -નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતા તમામ રાજકીય પક્ષના નેતાઓના ભીમકાય હોર્ડિંગો ઉતારવાની પ્રક્રિયા વહીવટી તંત્ર દ્વારા આજથી જ આરંભી દેવામાં આવી છે. પરંતુ રાજકીય પક્ષોના ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ જ આયારામ ગયારામની પ્રવૃત્તિ તેજ બનતા ચૂંટણીના સમીકરણો ચોક્કસપણે બદલાશે. ત્યારે જ ચૂંટણીનો માહોલ જામશે તેવું મનાઈ રહ્યું છે.

# દે.બારીયા કાપડી મોટી મસ્જીદ પાસેથી ૨૦૦ કિલો ગૌમાંસ કબ્જે લેવાયું

દાહોદ,

દે.બારીયા પોલીસે પોતાને મળેલ બાતમીને આધારે દે.બારીયા કાપડી મોટી મસ્જીદની પાસેના મકાનની બાજુમાં બનાવેલ ઢાળીયામાં ઓચિંતો છાપો મારી રૂા. ૨૦,૦૦૦ની કિંમતનું ૨૦૦ કિલો ગ્રામ ગૌમાંશ પશુઓને કાપવાના સાધનો, ત્રાજવું વગેરે પકડી પાડી કબજે લીધાનું જાણવા મળ્યું છે જ્યારે પોલીસનો છાપો જોઈ મકાન માલીક સહીત ત્રણ જણા અંધારાનો લાભ લઈ નાસી ગયા હતા. પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા કાપડી મોટી મસ્જીદ પાસે રહેતા નિઝામભાઈ અજીતભાઈ ચાંદા તેમજ તેમની સાથેના અન્ય બે ઈસમો એમ ત્રણે જણા નિઝામભાઈ ચાંદાના મકાનની બાજુમાં બનાવેલ ઢાળીયામાં એક ગૌવંશની ક્રુરતા પૂર્વક કતલ કરી તેનું માંસ વેચાણ કરવા માટે સગેવગે કરવાની તૈયારી કરતા હોવાની બાતમી દે.બારીયાના સિનીયર બી.એસ.આઈ બી.એમ.પટેલને મળતાં તેઓની સુચના અને માર્ગદર્શન હેઠળ દે.બારીયા પોલીસની ટીમે પરમ દિવસ રાતના સાડા દશ વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ દે.બારીયા કાપડી મોટી મસ્જીદ પાસે રહેતા નિઝામભાઈ અજીતભાઈ ચાંદાના મકાનની બાજુમાં બનાવેલ ઢાળીયામાં ઓચિંતો છાપો મારતાં પોલીસનો છાપો જોઈ નિઝામભાઈ અજીતભાઈ ચાંદા તથા તેની સાથેના અન્ય બે ઈસમો અંધારાનો લાભ લઈ નાસી ગયા હતા. જ્યારે પોલીસે સ્થળ પરથી રૂા. ૨૦,૦૦૦ની કુલ કિંમતનું ૨૦૦ કિલો ગ્રામ ગૌમાંશ, રૂા. ૩૫ની કિંમતની પશુઓ કાપવાની છરી નંગ-૨, રૂા. ૫૦ની કિંમતના વજન માપવાના ત્રાજવા મળી રૂા. ૨૦,૦૮૫નો મુદ્દામાલ કપડી પાડી કબજે લઈ દે.બારીયા પોલીસે આ સંદર્ભે દે.બારીયા કાપડી મોટી મસ્જીદ પાસે રહેતા નિઝામભાઈ અજીતભાઈ ચાંદા તથા તેની સાથેના બે ઈસમો મળી કુલ ત્રણ જણા વિરૂદ્ધ પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ તથા એનીમલ ક્રુઅલ્ એક્ટ મુજબનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી તે ત્રણેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગરબાડાના નવા ફળીયા ત્રણ ઈસમોએ ખેતરમાં બોરમાં મુકેલ મોટરની ચોરી કરતાં ફરિયાદ

દાહોદ,

ગરબાડા નવા ફળિયાના ત્રણ જણાએ તેમના ફળીયાના એક ઈસમના ખેતરમાં બોર પર મૂકેલ મોટરના રૂા. ૩૦૦૦ની કુલ કિંમતના આશરે ૧૦૦ ફુટ જેટલા વાયરો ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગરબાડા નવા ફળિયામાં રહેતા વિજયભાઈ નારસીંગભાઈ બારીયા, ભલાભાઈ રમણભાઈ બારીયા તથા કાળીયાભાઈ દીતાભાઈ બારીયા એમ ત્રણે જણા ગત તા. ૨૦-૧૦-૨૦૨૨ના રોજ બપોરના બાર વાગ્યાના સુમારે તેમના ફળિયામાં રહેતા નારૂભાઈ કાળુભાઈ મોહણીયાના ખેતરમાં બોર ઉપર મૂકેલ મોટરના અંદાજે રૂા. ૩૦૦૦ની કિંમતના આશરે ૧૦૦ ફુટ લાંબા વાયરો કાપી ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ગરબાડા નવા ફળિયામાં રહેતા નારૂભાઈ કાળુભાઈ મોહણીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ગરબાડા પોલીસે ગરબાડા નવા ફળિયામાં રહેતા વિજયભાઈ નારસીંગભાઈ બારીયા, ભલાભાઈ રમ ણભાઈ બારીય । તથા કાળીયાભાઈ દીતાભાઈ બારીયા વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગર્ભાવસ્થા કૂતરીનું જીવન દાન બનતી દાહોદ જીલ્લાની મોટી લછેલી લોકેશનનું ફરતું પશુ દવાખાનું



દાહોદ,

દાહોદ તાલુકાના મોટી લછેલી ગામે મુંગા પશુની વ્હારે આવેલી પશુ દવાખાનાની એમવીડી એમ્બ્યુલન્સે ગર્ભાવસ્થા કુતરીની સારવાર કરી જીવન દાન આપ્યું હતું.

દાહોદ જિલ્લામાં જીવીકેની એમઆરઆઈ અંતર્ગત ચાલતી ગ્રીન હેલ્થ સર્વિસની ૧૯૬૨ એમ્બ્યુલન્સ દાહોદ જીલ્લાના ૧૦ ગામો દીઠ ફરી મુંગા તેમજ અબોલ પશુઓની સેવાનું ભગીરથી કાર્ય કરે છે. ત્યારે આજરોજ સવારના નવ વાગ્યાના આસપાસ દાહોદ તાલુકાના કતવારા મુકામના રમુકાભાઈએ બીમાર પડેલ ગર્ભસ્થ કુતરી માટે ઈઓએમઆરઆઈની ૧૯૬૨ ને કોલ કરી મદદ માંગી હતી. ત્યાર બાદ ૧૯૬૨ એમ્બ્યુલન્સના ડૉ. વિશાલ લબાના તેમજ પાયલોક અશોકભાઈ ઘટના સ્થળે દોડી ગયાં હતા. તેમજ ઘટના સ્થળે પહોંચી ત્યાં જોયુ કે બીમાર પડેલી એક ગર્ભસ્થ કુતરી નજરે પડી હતી. જેને ધ્યાને લઈ ડૉ. વિશાલ લબાનાની કાર્યનિષ્ઠા અને સૂઝબુઝને લીધે અને તેમને કૂતરીને સિઝેરિયન કરવાનો નિર્ણય લઈ તાત્કાલિક ઓપરેશનની તૈયારી કરી અને સ્થળ પર તેનું ઓપરેશન કરી ટોટલ ૭ બચ્ચાનું વિયાણ કરાવાયું. જેમાં ૪ બચ્ચા મરણ હાલતમાં બહાર નીકળ્યા હતા અને ૩ બચ્ચા બચાવી લીધા હતા. હાલમાં ત્રણ બચ્ચા તથા તેની માતા સ્વસ્થ છે. આમ, આ કાર્યમાં ગ્રીન હેલ્થ સર્વિસની ૧૯૬૨ ની સેવા સાચા અર્થમાં એક ગર્ભવતી કૂતરી માટે વરદાનરૂપ નિવડી હતી.

# કતવારા પોલીસે બોરડી ઈનામી ગામે શંકાસ્પદ મહિલાને ઝડપી ૨૬ હજારનો ઈંગ્લીશ દારૂ કબ્જે લીધો

દાહોદ,

કતવારા પોલીસે બોરડી ઈનામી ગામે ગોવાળી ગામની શંકાસ્પદ લાગતી મહિલાને પકડી પાડી તેની પાસેની પ્લાસ્ટીકની થેલીઓની તલાસી લઈ થેલીઓમાંથી રૂા.૨૬ હજાર ઉપરાંતની કિંમતની વિદેશી દારૂની પ્લાસ્ટીકની બોટલો પકડી પાડી કબજે લઈ તેની અટક કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના ગોવાળી ગામે મોવડા ફળિયામાં રહેતી મનાબેન મલ સીંગભાઈ સુરમલભાઈ ભુરીયા ગતરોજ બપોરના સવા વાગ્યાના સુમારે બોરડી ગામે ત્રણ રસ્તા પર હાથમાં પ્લાસ્ટીકની થેલીઓ લઈ ઉભી હતી તે વખતે પેટ્રોલીંગમાં નીકળેલ કતવારા પોલીસની ગાડી જોઈ આઘી પાછી થવાની હિલચાલ કરતા પોલીસને તેની હિલચાલ શંકાસ્પદ લાગતા પોલીસે તેણીના હાથમાં પકડેલ પ્લાસ્ટીકની થેલીઓની તલાસી લેતા તેની પાસેની પ્લાસ્ટીકની થેલીઓમાથી રૂા. ૨૬,૯૨૮ની કિંમતની વિદશી દારૂની પ્લાસ્ટીકની બોટલો નંગ-૨૬૪ પકડી પાડી કબજે લઈ ગોવાળી ગામની મનાબેન મલસીંગભાઈ સુરમલભાઈ ભુરીયાની અટક કરી તેની વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરામાં શિવકથાના છઠ્ઠા દિવસે સળિત પ્રાગટયના પ્રસંગ વિશે સમજાવ્યું

ફતેપુરા,

ફતેપુરામાં શિવ કથાકાર ગિરીબાપુએ છઠ્ઠા દિવસે શિવલિંગનું મહત્વ સમજાવતાં બ્રહ્માજી નારદ મુનિને સમજાવે છે કે મહાદેવની લિંગ રૂપમાં પુજા અર્ચના કરવી જોઈએ.

શિવલિંગનો અર્થ અને સૌપ્રથમ પ્રાગટ્ય ની વાત સમજાવતાં જે બ્રહ્માજી એ નારદજીને કહ્યું હતું. સૌપ્રથમ શિવલિંગનું પ્રાગટ્ય જ્યોતિર્લિંગ રૂપે (સ્થંભ) રૂપમાં થયું હતું. જેને હું અને વિષ્ણુ પણ સમજી શક્યા ન હતા. સૌપ્રથમ એક જ્યોતિ પ્રગટ થય તેમાંથી લિંગ ઉત્પન્ન થયું તે જ્યોતિર્લિંગ કહેવાયું.

શિવરાત્રીનું મહત્વ સમજાવતાં પુજ્ય ગિરીબાપુ કહે છે કે બધી રાત્રીમાં મહાશિવરાત્રી એટલે ઘણા લોકોનું કહેવું છે કે, એ દિવસે શિવ અને માતા પાર્વતીના લગ્ન થયા હતા એ તદ્દન ખોટી માન્યતાઓ છે. ખરેખર તો શિવલિંગનું પ્રાગટ્ય થયું હતું એટલે શિવ રાત્રીની ઉજવણી કરવામાં આવે છે, એ રાત્રે મહાદેવનું ચાર પ્રહરની પૂજા કરવી જોઈએ . એમાં પણ પાર્થિવ પુજા શ્રેષ્ઠ છે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

બીલીના વૃક્ષનું મહત્વ સમજાવતાં કહ્યું કે, જે મનુષ્ય એક બીલી પત્ર મહાદેવ ને ૐ નમઃ શિવાય બોલી ચડાવે તેને ઘણું પુણ્ય મળે છે.

પરંતુ જે મનુષ્ય એક બીલી વૃક્ષ ને ઉછેરીને મોટુ કરે તે સો કરોડ પાર્થિવ લિંગ ની પુજા કર્યાનું પુણ્ય મળે છે.

પરંતુ આપણે વૃક્ષો જંગલોનો નાશ કરી રહ્યા છીએ. આપણા મૃત્યુ પછી આપણા સગા સંબંધી માત્ર શ્મશાન સુધી જ આવશે પછી નહીં જ્યારે વૃક્ષ તો આપણી સાથે બળવા લાગશે. માટે વૃક્ષ ઉછેરવા જોઈએ.

પુજ્ય ગિરીબાપુએ સતિ પ્રાગટયનો પ્રસંગ વિષે કહ્યું કે, એકવાર રાજા દક્ષ પિતા બ્રહ્માંને મળવા માટે ગયા ત્યારે બ્રહ્માએ કહ્યું કે, હે રાજા દક્ષ તું ઘણો ધનવાન હોવા છતાં ખુબ જ ધનહીન છે, તું નિર્ધન છે. ત્યારે દક્ષ રાજાએ કારણ પુછ્યું તેના ઉતરમાં બ્રહ્મા એ કહ્યું તારા કુળમાં કન્યા નથી. તું માતા અંબાને પ્રાર્થના કરી કન્યા જન્મનું વરદાન માંગવા કહ્યું.

ત્યારે દક્ષ રાજાએ માતાજીની પુજા અર્ચના કરી કહ્યું કે, હે માં અંબા આપ મારે ત્યાં કન્યાના રૂપમાં પ્રગટ થાઓ ત્યારે માં અંબા એ કહ્યું મારી એક વાત દયાનમાં રાખીને સાંભળ તારે અભિમાનનો ત્યાગ કરવો પડશે. રાજા દક્ષ તૈયાર થયો અને ત્યાર પછી દસમે માહીને માતા અંબા સતિ રૂપે જન્મ્યા.

સતિનુ યજ્ઞ કુંડમાં સ્નાનનો પ્રસંગ વિષે કહ્યું કે, રાજા દક્ષ શિવનું અપમાન કરવાના ઈરાદાથી એક યજ્ઞનું આયોજન કરે છે. જેમાં તમામ દેવી દેવતાઓને આમંત્રણ આપ્યું પણ મહાદેવને કે સતિને આમંત્રણ આપ્યું નહીં. ત્યારે મતા સતિ દક્ષ પ્રજાપતિને ઘરે જાય છે. ત્યારે દક્ષ રાજા અભિમાનમાં માતા સતિનું અપમાન કરે છે. ત્યારે શરત પ્રમાણે માતા સતિ તે યજ્ઞ કુંડમાં કુદી પડચા અને બળવા લાગયા. ભગવાન ભોળાનાથ ક્રોધીત થઈને ત્યાં આવે છે અને દક્ષનું શિરચ્છેદ કરીને મતા સતિને યજ્ઞ કુંડ માંથી બહાર કાઢી પોતાના હાથમાં લઈને અવકાશમાં ભ્રમણ કરવા લાગ્યા ત્યારે જે જે સ્થળે માતા સતિનું અંગ પડ્યું તે આજે શકિત પીઠ તરીકે જાણીતા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.62

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ખાણ-ખનીજ વિભાગ દ્વારા કાલોલના વરવાડા ગામથી

# ખનીજ માફિયાઓ પર છાપો મારી અંદાજીત ૫૦ લાખના બે JCB મશીન ઝડપી પાડ્યા




કાલોલ, પંચમહાલ જિલ્લામાં બેફામ રીતે ચાલતા માટી અને રેતીના ગેરકાયદેસર ધંધા ઉપર ખાણ ખનીજ વિભાગના અધિકારી અવારનવાર રેડ કરતા હોય છે. પરંતુ સમગ્ર પંચમહાલ જિલ્લામાં તપાસમાં નીકળેલા અધિકારીઓની દેખરેખ રાખી રેતી અને માટી ખનન કરનાર ખનીજ માફિયાઓનું એક મોટું ગૃપ રાત દિવસ ધમધમતું હોય છે. જેના કારણે ખનીજ વિભાગના અધિકારીઓને રેતી અને માટી ચોરતા ખનીજ માફિયાઓ સુધી પહોંચે તે પહેલા જ તેમના whatsapp ગૃપો દ્વારા સંદેશ આવો મળી જતા હોય છે. જોકે, ખાણ ખનીજ વિભાગ પણ ચતુરતા પૂર્વક અચાનક સ્થળ પર પહોંચી ગેરકાયદેસર થતા રેતી અને માટી ચોરી કરતા ખનીજ માફિયાઓને ડામવા માટે સફળ બનતું હોય છે.

કાલોલ તાલુકાના વરવાડા ગામે ધમધમતા ઈંટોના ભઠ્ઠાના માલિકો સરકારને અંધારામાં રાખી રોયલ્ટીની ચોરી કરવા માટે છુપી રીતે ભઠ્ઠાઓ ચલાવવા માટે માટેની હેરાફેરી કરતા હોય છે. જોકે, આ વર્ષે તમામ ઈંટોના ભઠ્ઠાના સંગઠનો દ્વારા પંચમહાલ જિલ્લાના તમામ પીઠોના ભઠ્ઠા બંધ રાખવા માટે અને સરકાર સામે બાયો ચડાવી આવેદનપત્રો ધરી લીધા હતા. સંગઠના પ્રમુખોએ આવેદનપત્રોમાં સરકાર તેમની યોગ્ય માંગણીઓ પૂર્ણ નહીં કરે ત્યાં સુધી પોતાના ઈંટોના ધંધાઓ બંધ રાખવાનો મોટો નિર્ણય કર્યો હતો. પરંતુ જાણે સરકારની આંખમાં ધૂળ નાખવા જતા હોય તેમ ગેરકાયદેસર અને છુપી રીતે ઈંટોના ભઠ્ઠાઓની તૈયારીઓ કરવા માટે ખાણ ખનીજ વિભાગની રોયલ્ટી લીધા વગર માટી ખનન કરતા ધંધાદારીઓ સામે પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગે લાલા આંખ કરી છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ જીસીબી મશીન અને બે ટ્રેકટરો ઝડપી પાડ્યા હતા. સૌપ્રથમ કાલોલ તાલુકાના નેસડા પાસે બે દિવસ અગાઉ ખાણ ખનીજ વિભાગે છાપો મારી એક જીસીબી મશીન અને બે ટ્રેક્ટર ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ કાલોલ તાલુકાના વરવાડા ગામેથી ૩ નવેમ્બરના રોજ ખાણ ખનીજ વિભાગે અચાનક રેડ કરતા ગુજરાત મીનરલ રૂલ્સ-૨૦૧૭ મુજબ નિયમ ત્રણના ભંગ બદલ નિયમ-૧૨(૨) મુજબ ખાણ ખનીજ એ વિભાગે બે જીસીબીને ઝડપી પાડી કાલોલ પોલીસ મથકે લાવી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં એક જીસીબી કાલોલ તાલુકાના અલવા ગામના કિશન પટેલ હોવાનું જાણવા મળી રહ્યું હતું. જ્યારે અન્ય એક જીસીબી મઘવાસ ગામના રહેવાસી મનુભાઈ ભરવાડ હોવાનું ખાણ ખનીજ વિભાગની તપાસમાં બહાર આવ્યું હતું. જોકે, બંને જીસીબીના માલિકો પાસેથી ઈંટના ધંધાદારીઓ ભાડે મશીન લઈ જઈ કામ કરતા હોવાનું લોક ચર્ચા દ્વારા જાણવા મળી રહ્યું છે. ખાણ ખનીજ વિભાગ દ્વારા બંને જીસીબી મશીનને કાલોલ પોલીસ મથકે જપ્ત કરી અંદાજિત ૫૦ લાખનો મુદ્દા માલ જપ્ત કરી કાલોલ પોલીસના હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જોકે, ખાણ ખનીજની કામગીરી સામે ખનીજ માફિયાઓમાં ગુરૂવારના રોજ દોડધામ મચી ગઈ હતી. જેવા બે જીસીબી મશીન પોલીસ સ્ટેશનમાં આવતાની સાથે અનેક ખનીજ માફિયાઓ અને જીસીબીને બચાવ કામગીરી કરવા માટે રહા-પાણીના ફિરાગમાં ફરતા હોવાનું પણ લોકચર્ચામાં જાણવા મળી રહ્યું હતું. પરંતુ પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગની લાંબા સમયની મહેનત રંગ લાવી હવાનું પણ જાણવા મળી રહ્યું છે. જોકે, ખાણ ખનીજ વિભાગના અધિકારીઓની કામગીરી સામે કેટલાક ખનીજ માફિયાના આકાઓ નારાજ થયા હતા. સમગ્ર કાલોલ તાલુકામાં છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ જીસીબી અને બે ટ્રેક્ટર ખાણ ખનિજ વિભાગ દ્વારા જપ્ત કરી દેતાં ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ મચી જવા પામી હતી.

## હાલોલ સીમ વિસ્તારની જમીનમાં હકક હિસ્સો ન હોવા છતાં ખોટા સોગંદનામું કરતાં ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ

હાલોલ, હાલોલ નોટરીની ઓફિસમાં હલોલ સીમની સર્વે નં.૨૯૮ પૈકી તથા સર્વે નં.૩૨૫, સર્વે નં.૩૭૯, સર્વે નં.૩૮૩ના હકક પત્રક આરોપીઓનો કોઈ હકક હિસ્સો ન હોવા છતાં પોતાનો હકક પ્રસ્થાપિત કરવા મહિલાએ નોટરી રૂબરૂ સોગંદનામું કરી ખોટો પુરાવાનો ઉપયોગ કરી હકકપત્રમાં નોંધ પડાવી ગુન્હો કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ સીમ વિસ્તારમાં આવેલ સર્વે નં.૨૯૮, સર્વે નં.૩૨૫, સર્વે નં.૩૭૯, સર્વે નં.૩૮૩ વાળી જમીન શરીફાબેન સલીમભાઈ મુસાભાઈ ફુલસોરાની હોય આ જમીનમાં આરોપીઓ અશીબેન મહમદભાઈ રસુલભાઈ કાલોલીયા, મહેજબીન મહમદભાઈ રસુલભાઈ કાલોલીયા, વારીસ રસુલહાજીનો હકક હિસ્સો ન હોવા છતાં પોતાનો હકક પ્રસ્થાપિત કરવા માટે એકબીજાના મેળાપીપણામાં ષડયંત્ર રહ્યું હતુ અને હાલોલમાં નોટરીની રૂબરૂમાં સોગંદનામું ૧૦/૮/૨૦૧૯ના રોજ કર્યું હતું તથા ખોટા સોગંદનામામાં સાક્ષી તરીકે વારીસ રસુલ હાઝીએ પોતે અસીબેન દિકરી મહેબીનબેન છે. તેવું જાણતા હોવા છતાં સોગંદનામામાં ખોટી સાક્ષી ભરી ખોટા ડોકયુમેન્ટો બનાવેલ અને જેનો ખરા તરીકે ઉપયોગ કરી મુસાભાઈ રસુલભાઈ ફુલસોદીની જમીનમાં હકક હિસ્સો ન હોવા છતાં ખોટા પુરાવાના આધારે અશીબેન ઉપરોકત જમીનના હકક પત્ર નંબર ૨૬૭૦૨ હકક નોંધ પડાવી એકબીજાની મદદગારીથી ગુન્હો કરતા આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## શહેરાના ચાંદણગઢ મંદિર ખાતે તાલુકા ભાજપનું નુતન વર્ષ નિમિત્તે રાખેલ સ્નેહમિલન કાર્યક્રમ વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષની ઉપસ્થિતિમાં યોજાયો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા ચાંદણગઢ મંદિર ખાતે નુતન વર્ષનું સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ અને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ. કાર્યક્રમમાં પ્રદેશ નિયુક્ત પ્રભારી ભાનુભાઈ માળી અને તાલુકા મંડલ પ્રભારી પરેશભાઈ ચૌહાણ તેમજ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ જીગ્નેશભાઈ પાઠક, જિલ્લા પંચાયત સદસ્ય કિરણસિંહ બારીયા, રયજીભાઈ પરમાર, મણીબેન દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિધાનસભા મત વિસ્તાર માંથી મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સહિત લોકો ઉમટી આવ્યા હતા. જ્યારે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી જેને ટિકિટ આપી તેજ લડવાના છે. હું કહું તેમ ચાલવાનું નથી. મારી એક ઈચ્છા હતી કે, ઘરે ઘરે નેતા હોવા જોઈએ હવે ઘરે ઘરે નેતા છે અને મને હવે લડવાનો પણ શોખ નથી.

ભારતીય જનતા પાર્ટીની આ વખતની ચૂંટણીમાં પણ જીતવાની છે. ભાજપનો સ્નેહ મિલન કાર્યક્રમ પૂર્ણ થવાની સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિધાનસભાની ચૂંટણીની જીતવા માટેની રણનીતિની તૈયારીઓ શરૂ કરી દીધી હતી.

## ગુજરાત વિધાનસભાની ચુંટણીની જાહેરાત સાથે આદર્શ આચાર સંહિતાની અમલવારી : પંચમહાલ જીલ્લા માંથી રાજકીય પાર્ટીના બેનરો હટાવાયા




ગોધરા, કેન્દ્રીય ચુંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાની ચુંટણીની જાહેરાત કરતાની સાથે રાજ્યમાં આદર્શ આચાર સંહિતા લાગુ થઈ છે. આચાર સંહિતા લાગુ થતાં પંચમહાલ જીલ્લામાં ગોધરા સહિતના જાહેર સ્થળોએ રાજકીય પક્ષોના બેનરો હટાવી લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાજ્યમાં વિધાનસભાની ચુંટણી બે તબક્કામાં યોજાનાર છે. પ્રથમ ચરણનું મતદાન ૧ ડિસેમ્બર અને બીજા તબક્કાનું મતદાન ૫ ડિસેમ્બરના રોજ યોજાનાર છે. જ્યારે ૮ ડિસેમ્બરના રોજ મતગણના હાથ ધરનાર છે. ચુંટણીની જાહેરાત સાથે જ રાજકીય પક્ષોમાં ચહેલ પહેલ સાથે રાજકીય ગરમાવો આવ્યો છે. પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની ઉમેદવારોની જાહેરાત ઉપર મીટ મંડાઈ છે. પંચમહાલ જીલ્લામાં વિધાનસભાની ચુંટણીલક્ષી મતદારોનો જોક કોની તરફ રહેશે તે હાલ સુધી કળી શકાયું નથી. હવે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની જાહેરાત કર્યા બાદ જીલ્લામાં વિધાનસભાની ચુંટણીનો માહોલ જામશે. આમ, તો સામાન્ય રીતે છેલ્લા છ માસ અગાઉ થી રાજકીય પાર્ટીઓ પ્રજાનો સંપર્ક બનાવી રહ્યા હતા. પરંતુ ચુંટણી જાહેરાત સાથે રાજકીય પક્ષોને ટુંકા દિવસો અને ઝાઝાવેશ જેવી સ્થિતી થશે.

## શહેરા પોલીસ સ્ટેશનની જૂની પોલીસ લાઈનમાં ASI રૂપિયા ૯,૦૦૦ ની લાંચ લેતા ACB ના હાથે ઝડપાયા

શહેરા, શહેરા પોલીસ સ્ટેશનની જુની પોલીસ લાઈનમાં દલવાડા બીટ ના એ.એસ.આઈ રૂપિયા ૯,૦૦૦ ની લાંચ લેતા એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસ કર્મીએ લોકઅપ માં નહિ રાખવા અને જામીન કરાવી આપવાના કામે લાંચ માંગી હતી.

શહેરા પોલીસ સ્ટેશનમાં દલવાડા બીટમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. વજેસિંહ શંકરભાઈ બારીયા એ ફરિયાદીને જમીન બાબતે બોલાચાલી થયેલ હોય અને સામસામે ફરિયાદની અરજીઓ થયેલ હોવાથી ફરિયાદી અને તેમના છોકરાઓ તેમજ ભત્રીજાઓને લોકઅપમાં નહીં રાખવા અને જામીન કરાવી આપવાના કામે તા.૧/૧૧/૨૦૨૨ના રોજ પોલીસ સ્ટેશન બોલાવીને રૂપિયા ૧૦ હજાર લાંચની માગણી કરેલ હતી જો કે ફરિયાદી પાસે તે દિવસ રૂપિયા નહિ હોવાથી સગવડ કરીને આપી દઈશ તેમ કહેતા આક્ષેપિતે કાગળો કરીને મામલતદાર કચેરીમાં રજૂ કરેલ હતા. પોલીસ કર્મીને રૂપિયા ફરિયાદી આપવા માંગતા ન હોય જેથી એસીબીમાં ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું. એ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર આર.બી. પ્રજાપતિ સહિતના સ્ટાફ એ ફરીયાદીને સાથે રાખીને લાંચનુ છટકું ગોઠવતા એ.એસ.આઈ. વજેસિંહ બારીઆ જૂની પોલીસ લાઈન માં રૂપિયા ૯,૦૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. એ.સી.બી એ લાંચની રકમ ૯,૦૦૦ રીકવર કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## કાલોલ તાલુકાના પીંગળી મુકામે ઘી પીંગળી દૂધ ઉત્પાદન સહકારી મંડળીમાં કારોબારીના સભ્યમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ



કાલોલ, કાલોલ તાલુકાના પીંગળી મુકામે ઘી પીંગડી દૂધઉત્પાદન સહકારી મંડળીમાં કારોબારીના સભ્યમાં ચેરમેન અને વાઈસ ચેરમેન ચૂંટણી માટેની પ્રક્રિયા કરવામાં આવી હતી. પીંગળી ગામમાં આવેલ ઘી પીંગળી દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં અંદાજિત ૩૪૩ ઉપરાંત સભાસદો દૂધ ભરતા હોય છે. જેમાં પીંગળી, નાની પીંગળી અને હમીરપુરી એમ ત્રણ ગામના સભાસદો દૂધ ડેરીમાં દૂધ ભરતા હોય છે. જોકે, અગાઉ સભાસદો દ્વારા ઘી પીંગળી દૂધ ઉત્પાદક સહકારી મંડળી સંચાલન માટે ૧૧ સભ્યોની કારોબારીની રચના કરવામાં આવી હતી. પરંતુ આ ૧૧ સભ્યો વચ્ચે ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂંક કરવા માટે ૩ નવેમ્બરના રોજ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયામાં ડેરીના સેક્રેટરી દ્વારા ૧૧ સભ્યોને સૌ પ્રથમ ચેરમેન તરીકે નિમણૂંક કરવા દરખાસ્ત કરવાનું જણાવતા દરખાસ્તારો દ્વારા એક સોલંકી રાજેન્દ્રસિંહ ગણપતસિંહ અને સોલંકી વિજયસિંહ અંદરસિંહ આમ, બે નામ જાહેર થતાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે, સમગ્ર ચૂંટણી સ્થળ ગામના જ એક ધાર્મિક સ્થળ પર રાખવામાં આવ્યું હતું. ૧૧ સભ્યો દ્વારા મતદાન કરતા મત પેટી માંથી સોલંકી રાજેન્દ્રસિંહ ગણપતસિંહને-૮ મત અને અને હાલના પીંગળી ગ્રામ પંચાયતના સરપંચ એવા સોલંકી વિજયસિંહ અંદરસિંહને માત્ર ને માત્ર-૩ જ મળ્યા હતા. જેના કારણે બહુમતી મેળવી ચેરમેન તરીકે સોલંકી રાજેન્દ્રસિંહ ગણપતસિંહનો વિજય થયો હતો. જ્યારે વોઈસ ચેરમેનમાં સોલંકી દક્ષાબેન રણજીતસિંહ તેમજ સોલંકી દુષ્યંતકુમાર બેચરભાઈ આમ, બે ઉમેદવારો વચ્ચે ચૂંટણી થતા વોઈસ ચેરમેન ચૂંટણી પ્રક્રિયામાં સોલંકી દક્ષાબેન રણજીતસિંહ ને-૬ મત મળતા તેમને વોઈસ ચેરમેન તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જોકે પીંગળી ગામના સરપંચ તેમજ ઘી પીંગળી દુધ ઉત્પાદક સહકારી મંડળીના સભ્ય એવા સોલંકી વિજયસિંહ અંદરસિંહ ગામના એક આગેવાન તેમજ થોડા સમય પહેલા એક જાગૃતતાનું બીડું હાથ ઝડપી અંગદાન એ મહાદાન અંગેના કાર્યક્રમો કરી પીંગળી ગામમાં સમાચારોના માધ્યમથી એક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર સોલંકી વિજયસિંહ અંદરસિંહને માત્ર ને માત્ર-૩ જ મત મળતા પીંગળી ગામમાં ચર્ચાનો વિષય બની ગયો હતો. જોકે, કહેવતમાં કહેવાયું છે કે, ‘‘અચ્છે કામ કા બૂરા નતી જા’’ જેવી પરિસ્થિતિ વિજયસિંહ સોલંકીની જોવા મળી હતી. તદ્દઉપરાંત અગાઉ પણ ડેરીની ચુંટણીમાં સોલંકી વિજયસિંહ તેમજ તેમના પત્ની બન્ને ઉમેદવારી નોંધાવતા હાર થઈ હતી.

## ગોધરાના ટુવા ગામ પાસે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

ગોધરા, ગોધરાના ટુવા ગામ પાસે રોડ પર બે બાઈકો સામસામે અથડાતા બેને ઈજાઓ થવા પામી હતી. જેમાં એકનુ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ.

ખેડાના ગળતેશ્વરની ટુવા ચોકડી પરના દુકાનદાર અર્જુનભાઈ પ્રજાપતિ અને તેમની દુકાનમાં કરતો લક્ષ્મણ કાયલભાઈ પરમાર બાઈક ઉપર ગોધરા જવા નીકળ્યા હતા. તેઓ બાઈક લઈને ટુવા ગામ પાસેના હાઈવે ઉપરથી પસાર થતા હતા તે દરમિયાન સામેથી એક અજાણ્યો બાઈક ચાલક પોતાના કબ્જાની બાઈક પુરઝડપે હંકારી આવતા અર્જુનભાઈની બાઈકને ટકકર મારતા બાઈક પર સવાર અર્જુનભાઈ અને લક્ષ્મણભાઈ રોડ પર પટકાયા હતા. અને અજાણ્યો બાઈક ચાલક પોતાની બાઈક લઈને નાસી ગયો હતો. અકસ્માતમાં લક્ષ્મણભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાતા તેમનુ મોત નીપજ્યું હતુ.

## પાવાગઢ ડુંગર મહાકાળી મંદિરમાં ૮ નવેમ્બરે ચંદ્રગ્રહણને લઈ દર્શન બંધ

હાલોલ, હાલોલ તાલુકાના પાવાગઢ ડુંગર ઉપર શ્રી મહાકાળી માતાજીના દર્શન તા.૮ નવેમ્બર ચંદ્રગ્રહણ હોઈ બંધ રહેશે. તેમજ અન્નકુટ દર્શન પણ બંધ રાખવામાં આવ્યા છે.

પાવાગઢ ડુંગર ઉપર માં કાલિકાના મંદિરે ભકતો વર્ષ દરમિયાન લાખોની સંખ્યામાં ઉમટી પડી માતાજીના દર્શન કરે છે. ખાસ તો આસો તેમજ ચૈત્રી નવરાત્રિ દરમિયાન અને વાર તહેવારે ભકતોની સંખ્યા વધારે હોય છે. જેમાં દેવ દિવાળી તા.૮ નવેમ્બરને મંગળવારના રોજ ચંદ્રગ્રહણને લઈ પ્રાંતઃ આરતી સવારે ૪ કલાકે થયા બાદ સવારે ૬ વાગ્યાથી સાંજના ૬.૪૫ સુધી મંદિર દર્શનાર્થે બંધ રાખવામાં આવશે. જ્યારે સાંજે ૭.૦૦ કલાકે આરતી સાથે મંદિરમાં દર્શન શરૂ કરવામાં આવશે જે રાત્રે ૯.૦૦ કલાક સુધી મંદિરમાં દર્શન થશે. તેમ મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યુ છે. ચંદ્રગ્રહણને લઈ બંધ રાખેલા અન્નકુટ દર્શનનો કાર્યક્રમ તા.૧૫ નવેમ્બર મંગળવારના રોજ રાખવામાં આવ્યો છે.

## ધાનપુર પોલીસે કંજેટા રોડ ઉપર કારમાં લઈ જવાતો ૬૭ હજારનો બીયરનો જથ્થો ઝડપ્યો

દાહોદ, ધાનપુર પોલીસે પોતાને મળેલ પ્રોહી અંગેની બાતમીના આધારે ગોઠવેલ નાકાબંધી દરમ્યાન કંજેટા ગામે રોડ પરથી રૂા. ૬૭ હજાર ઉપરાંતની કિંમતના બીયરના જથ્થા સાથે એકસ યુવી કાર ઝડપી પાડી રૂા. ૩ લાખની કિંમતની કાર તથા એક મોબાઈલ ફોન મળી રૂા. ૩,૭૩,૨૦૦ના મુદ્દામાલ સાથે કારના ચાલકની અટક કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દે.બારીયા તાલુકાના સીમલા ઘસી ગામનો મહેન્દ્રભાઈ બળવંતભાઈ રાઠવા મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કઠીવાડા તાલુકાના જોલીયા ગામના પટેલ ફળિયાના મુલચંદભાઈ ઉર્ફે મુરચંદભાઈ નાનસીંગભાઈ ડામોરના ઠેકા પરથી પોતાના કબજાની જીજે૦૯ બીબી-૩૫૧૯ નંબરની એક્સયુવી ગાડીમાં બીયર તથા દારૂનો જથ્થો ભરીને પોતાના ગામ તરફ આવતો હોવાની ધાનપુર પી.એસ.આઈ બરંડાને બાતમી મળતા તે બાતમીના આધારે પીએસઆઈ બરંડા તથા તેમના સ્ટાફના પોલીસ કર્મીઓની ટીમ કંજેટા ગામે નાકાબંધી કરી પોતાના શિકારની રાહ જોતી ઉભી હતી. તે દરમ્યાન બાતમીના દર્શાવેલ નંબરવાળી એક્સયુવી ગાડી દુરથી આવતી નજરે પડતાં નાકાબંધીમાં ઉભેલ ધાનપુર પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાં જ ગાડીને ચારે બાજુથી ઘેરી લીધી હતી અને ગાડીની તલાસી લઈ ગાડીમાંથી રૂા. ૬૭,૨૦૦ની કુલ કિંમતની ૬૭૨ બીયરટીન ભરેલ પેટી નંગ-૨૮ પકડી પાડી તેના ચાલક મહેન્દ્રભાઈ બળવંતભાઈ રાઠવાની અટક કરી તેની પાસેથી રૂા. ૬ હજારની કિંમતનો મોબાઈલ ફોન, તથા રૂા. ૩ લાખની કિંમતની એક્સયુવી ગાડી મળી રૂા. ૩,૭૩,૨૦૦નો મુદ્દામાલ કબજે લઈ ધાનપુર પોલીસે સીમલાઘસી ગામના મહેન્દ્રભાઈ બળવંતભાઈ રાઠવા તથા મધ્યપ્રદેશના જોલીયા ગામના મુલચંદ ઉર્ફે મુરચંદભાઈ નાનસીંગભાઈ ડામોર વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

## ગોધરા તાલુકાના ઓરવાડા ગામે નવિન પ્રા.આરોગ્ય કેન્દ્ર મંજુર કરાયુ

ગોધરા, પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ઓરવાડા ગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મંજુરી માટેની દરખાસ્તની મંજુરી મળતા ગોધરા તાલુકાના ઓરવાડા ગામે નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવ્યુ હતુ.

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાનુ મોટામાં મોટુ ગામ ઓરવાડા છે. જયાં કોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલુ ન હોય ગ્રામજનોને પડતી મુશ્કેલીઓને જિલ્લા પંચાયત પંચમહાલના દંડક અરવિંદસિંહ પરમારે ભાપી જઈ તેઓ દ્વારા ઓરવાડા ગામમાં પ્રા.આરોગ્ય કેન્દ્ર મંજુર થાય તે માટે જરૂરી દરખાસ્ત સરકારના આરોગ્ય મંત્રી નિમીષાબેન સુથાર અને ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી તેમજ સરકારમાં મોકલી આપવા જિલ્લા વિકાસ અધિકારીને ભલામણ કરી હતી. તો સાથે સાથે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી અને રાજયના આરોગ્ય મંત્રી નિમીષાબેન સુથારે પણ સરકારમાં રજુઆત કરી હતી અને તેમના દ્વારા પણ રાજય સરકારમાં ભલામણ કરવામાં આવી હતી. જેના ફળ સ્વરૂપે ગોધરા તાલુકાના પુર્વના ગામોના લોકોને આરોગ્યલક્ષી સુવિધા મળી રહે તે માટે ઓરવાડા ગામે નવીન પ્રા.આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવતા આનંદની લાગણી વ્યાપી ગઈ છે.